**ફોજદારી કેસ નંબરઃ**

**આંક–૧ લગત હુકમઃ–**

આજરોજ મદદનીશ સરકારી વકીલશ્રી કે.વી.ગામીત સુરતનાઓની આંક– ની વિડ્રોઅલ પુરસીસના આધારે હાલનો કેસ સી.આર.પી.સી. કલમ–૩૨૧ અન્વયે પરત ખેંચતા હોય, સદર પુરસીસના આધારે એ.પી.પી.શ્રીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરતના જાવક નં.એમએજી/ડોરમેન્ટ કેસ/વશી. ૨૩૬૯/૨૦૨૨ તા.૩/૦૮/૨૦૨૨ તથા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સુરત/૩૨/૯૧૧/૨૦૨૨ તા.૨૭/૦૭/૨૦૨૨ આપેલ પરવાનગી હુકમને ધ્યાવે લેતા હાલના કેસમાં સી.આર.પી.સી. કલમ–૩૨૧ અન્વયે વિદ્વાન એ.પી.પી.શ્રીને સદર કેસ વિડ્રોઅલ પુરસીસના આધારે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આરોપીને બિનતહોમત/નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો અપીલ સમય દરમ્યાન કોઈ ક્લેઇમ કરે તો સદર મુદ્દામાલની માલિકી અંગે ખરાઈ કરીને માલિકી અંગેનો જરૂરી આધાર પુરાવો લઈને જે તે મૂળ માલિકને પરત આપવો. જો અપીલ સમય દરમ્યાન કોઈ ક્લેઇમ ન કરે તો કીમતી મુદ્દામાલની નિયમાનુસાર જાહેર હરાજી કરીને તેની ઉપજેલ રકમ સરકાર ખાલસા કરવી તથા અન્ય મુદ્દામાલના અપીલ સમય બાદ નિયમાનુસાર નાશ કરવો.

આજરોજ તા.૧૩ મી માહે ઓગસ્ટ સને ૨૦૨૨ ના રોજ સ્પેશિયલ સીટિંગમાં ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કરવામાં આવ્યો.

(અમીત રમેશચંદ્ર.ત્રિવેદી)
બીજા એડિશનલ સિવિલ જજ અને
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ, સુરત
Unique Id Gj 01366